# ‘લશ્કરી’ લગ્નો અને મિલિટરી કપલ્સ


કર્નલ સતિષ કડવથ અને રેશ્મા કડવથ


વિંગ કમાન્ડર નમાંશ સ્યાલ - વિંગ કમાન્ડર અફશાં સ્યાલ

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

દુબઈ એર શો અને તેમાં ભારતનું તેજસ એરક્રાફ્ટ ક્રેશ થવાની દુર્ઘટના તેમજ તેમાં શહીદ થયેલા વિંગ કમાન્ડર નમાંશ સ્યાલની આખી વાત સમયગાળાની રીતે જોતાં હવે થોડી જૂની કહેવાય પણ વિંગ કમાન્ડર સ્યાલની અણધારી વિદાય પછી તેમના પારિવારિક જીવન વિશે જે વાત જાણવા મળી તેના પરથી એ ચોક્કસ કહી શકાય કે ફિલ્મી પડદે દર્શાવાતા યુદ્ધ મોરચા અને વાસ્તવિક યુદ્ધ મોરચા વચ્ચે મોટો તફાવત ભલે હોય પણ ભારતીય લશ્કર અને ભારતીય ફિલ્મ જગત વચ્ચે આંખે ઊડીને વળગે તેવું એક નોંધપાત્ર સામ્ય એ છે કે આ બંને ખરા અર્થમાં બિનસાંપ્રદાયિક એટલે કે સેક્યુલર છે. આ મુદ્દે ભારતીય ફિલ્મ જગતનું આ આવકાર્ય વલણ તો હવે દેખીતું અને જાણીતું છે પરંતુ લશ્કરમાં એવું છે કે શિસ્ત બાબતે જેટલી ચર્ચા થાય છે અથવા આ બાબાતમાં સૌનું જેટલું ધ્યાન જાય છે એટલી ચર્ચા અથવા એમ કહો કે જે વિષયે ધ્યાન ઓછું જાય છે તે અને ભારતીય લશ્કરે પ્રયત્નપૂર્વક, તેમજ ખાસ તો એક ચોક્કસ અ ઉમદા હેતુપૂર્વક શરૂ કરેલી અને લશ્કરી શિસ્તનાં દાયરામાં રહીને પણ દૃઢતાથી આગળ વધારેલી બિનસાંપ્રદાયિકતાની મિસાલ સમી આંતરધર્મીય લગ્નોની પ્રથા. આ જ પ્રથાનું તાજું ઉદાહરણ છે હમણાં જાણીતું થયેલું સ્યાલ દંપતી, જેમાં વિંગ કમાન્ડર નમાંશ સ્યાલ હિંદુ છે અને વિંગ કમાન્ડર અફશાં સ્યાલ મુસ્લિમ છે. જોકે આના કેટલાક ચોક્કસ અને કડક નિયમો છે અને પતિ-પત્ની બંને લશ્કરી અધિકારી હોય અને તેમણે પરસ્પરની સંમતિ સાથે તેમજ લશ્કરની પણ સત્તાવાર સંમતિ સાથે આંતરધર્મીય લગ્ન કર્યા હોય એવા દંપતીની વિગત નેશનલ સિક્યોરિટી અને વ્યક્તિગત ખાનગીપણાના અધિકાર અંતર્ગત લશ્કર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાતી નથી. વિંગ કમાન્ડર સ્યાલ જેવો કિસ્સો બને અને આવી બાબત બહાર આવે તે અલગ વાત છે.

આથી જ આ નમાંશ સ્યાલના જ કિસ્સા નિમિત્તે ફરજિયાત લશ્કરી નિયમોને ધ્યાનમાં રાખીને આંતરધર્મીય લશ્કરી લગ્નોની વાત બાજુ પર રાખીને માત્ર લશ્કરી દંપતી એટલે કે મિલિટરી કપલ્સ કે જેમાં પતિ-પત્ની બંને લશ્કરી અધિકારી હોય તેમજ કોઈ સિવિલિયને મિલિટરી ઓફિસર સાથે લગ્ન કર્યા હોય તેમજ કોઈ મિલિટરી ઓફિસરે સિવિલિયન સાથે લગ્ન કર્યા હોય એવા મિલિટરી કપલ્સની વાત કરી છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે અહીં આપેલી માહિતી એક જાણીતા અંગ્રેજી અખબારમાં 2023માં પ્રકાશિત થયેલા એક અહેવાલ પરથી લીધી છે. આટલી પૂર્વભૂમિકા અને સ્પષ્ટતા પછી કુલ 4 મિલિટરી કપલ્સની વાત કરીએ.

કર્નલ સતિષ કડવથ અને રેશ્મા કડવથઃ 1996માં તે સમયે 18 વર્ષનાં રેશ્મા કડવથ તે સમયે 25 વર્ષના સતિષ કડવથને પહેલીવાર મળ્યા ત્યારે સતિષ કડવથ ભારતીય લશ્કરમાં કેપ્ટન હતા. બંનેનો પરિવાર તેમના લગ્ન માટે શરૂઆતમાં સંમત ન હોવાથી બંનેએ આર્યસમાજમાં બે નિકટતમ મિત્રોની હાજરીમાં ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા પછી સમય જતાં બંનેના પરિવારો સંમત થઈ ગયા ત્યારે ફરી પરંપરાગત રીતે લગ્ન કર્યા હતા. લશ્કરી અધિકારી સાથે લગ્ન થાય ત્યારે પત્ની લશ્કરી અધિકારી હોય કે ન હોય પણ તેમની સાથેનું કૌટુંબિક જીવન પણ યુદ્ધ મોરચા જેટલું જ પડકારજનક હોય છે. આવો જ કપરો તબક્કો આ લશ્કરી દંપતીના જીવનમાં ત્યારે આવ્યો જ્યારે એક તરફ કર્નલ સતિષ કડવથનું પોસ્ટિંગ જમ્મુ-કાશ્મીરમાં હતું અને બીજી તરફ રેશ્મા કડવથ બીજીવાર પ્રેગ્નન્ટ હતાં અને તેમના 2 વર્ષના પહેલા દીકરાને ADHD હોવાનું નિદાન થયું હતું. આમ છતાં સતત આવતાં અનિશ્ચિતતાભર્યા સમાચારો વચ્ચે તેમણે દૃઢતાથી પોતાને અને પરિવારને ટકાવી રાખ્યાં હતાં. 2022માં આ લશ્કરી દંપતીએ તેમના લગ્નજીવનમાં 25 વર્ષ પૂરાં કર્યાં હતાં.

મેજર અનિતા રાઠોડ અને મેજર કિસલેય રાઠોડઃ અત્યારે મેજર અનિતા રાઠોડ અને મેજર કિસલેય રાઠોડ ભારતીય લશ્કરમાં કાર્યરત છે. અનિતાના માતાપિતાના માધ્યમથી 2014માં કિસલેય સાથે અનિતાની પહેલી મુલાકાત થઈ હતી. તે સમયે તે બંનેનું પોસ્ટિંગ એક જ વિસ્તારમાં હતું. કિસલેયનું પોસ્ટિંગ બિન્નાગોરીમાં હતું અને અનિતાનું પોસ્ટિંગ બાગડોગરામાં હતું. આ બંને સ્થળો એટલાં નજીક છે કે બંનેના ઘણાં કુટુંબીઓને લાગતું હતું કે તે બંનેના લવ મેરેજ છે. લશ્કરી જીવન પડકારોનો પર્યાય હોય છે અને તેની અસર લશ્કરી અધિકારીઓના અંગત જીવન પર પણ પડે જ છે. આ લશ્કરી દંપતીના કિસ્સામાં પણ આવું જ કંઈક બની રહ્યું હતું. પોતાની ડ્યુટી નિભાવવાની સાથે મેજર અનિતા રાઠોડ પોતાના એક દીકરાને ઉછેરી રહ્યા હતા અને બીજા દીકરાના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં તેમજ આ બધાની વચ્ચે પોતાની ડ્યુટી પણ નિભાવી રહ્યાં હતાં ત્યારે કોરોના પેનડેમિકનો પડકાર સામે આવી ઊભો. તેમ છતાં મેજર અનિતા રાઠોડે પોતાના પરિવારને સાચવવા સાથે પોતાની લશ્કરી ફરજ પણ નિષ્ઠા અને નીડરતાપૂર્વક નિભાવી હતી. કારણ કે લશ્કરી જીવન કોઈ પણ પરિસ્થિતિમાં હાર ન માનવાનો પાઠ બહુ સ્વાભાવિક રીતે શીખવી દે છે. અત્યારે પણ આ લશ્કરી દંપતીનું પોસ્ટિંગ વિવિધ સ્થળોએ થતું રહે છે. આવા સમયે પરસ્પર કમ્યુનિકેશન પણ કપરું બને છે. દા.ત. જ્યારે મેજર કેસલેય રાઠોડનું પોસ્ટિંગ દ્રાસના બરફાચ્છાદિત પ્રદેશમાં હતું ત્યારે સેટેલાઈટ ફોન સિવાય સંદેશા વ્યવહારનું અન્ય કોઈ પણ સાધન ઉપલબ્ધ નહોતું.


મેજર મોહિત શર્મા - મેજર રીશમા શર્મા

સ્ક્વૉડ્રન લીડર મયુરેશ પ્રધાન અને ભારતી જસરોટિયા પ્રધાનઃ સ્ક્વૉડ્રન લીડર મયુરેશ પ્રધાન અને ભારતી જસરોટિયા પ્રધાન બંને પહહેલીવાર 2017માં બંનેના કોમન ફ્રેન્ડ દ્વારા મળ્યાં હતાં. ચાર વર્ષના પરિચય પછી 2021માં બંનેએ લગ્ન કર્યા હતા. સ્ક્વૉડ્રન લીડર મયુરેશ પ્રધાન એરફોર્સમાં હોવાથી તેઓ સતત પરિવાર સાથે રહી શકતા નથી તેમજ દરેક કૌટુંબિક પ્રસંગોમાં હાજર રહી શકતા નથી. આ સંજોગોમાં માત્ર આ નહીં બલકે કોઈ પણ લશ્કરી દંપતી વચ્ચે મ્યુચ્યુઅલ અંડરસ્ટેન્ડિંગ જ મહત્ત્વનું બની રહે છે.

> **આંતરધર્મીય લગ્ન અંગે આપણું લશ્કર એક જ બાબતનો આગ્રહ રાખે છે કે આવા લગ્ન દેશના કાયદાની ખાસ કરીને લગ્ન અંગેની જોગવાઈઓ તેમજ જે-તે ધર્મના ધાર્મિક અને સામાજિક રીતરિવાજોની મર્યાદામાં રહીને થાય, જેથી લાંબાગાળે કોઈ અધિકારી કે ખુદ લશ્કર એક સંગઠન કે સંસ્થા તરીકે બિનજરૂરી વિવાદમાં ન અટવાય.**

લેફ્ટનન્ટ કમાન્ડર સાધના ગિરિ અને કમાન્ડર શુભોદીપ ભટ્ટાચાર્યજીઃ લેફ્ટનન્ટ કમાન્ડર સાધના ગિરિ અને કમાન્ડર શુભોદીપ ભટ્ટાચાર્યજી પૈકી લેફ્ટનન્ટ કમાન્ડર સાધના ગિરિ 2017માં નેવીમાંથી સેવાનિવૃત્ત થઈને હવે લાઈફ કોચ અને મેનેજમેન્ટ કોચ તરીકે નવી ઈનિંગ્સમાં પ્રસ્થાપિત થઈ ગયાં છે, જ્યારે કમાન્ડર શુભોદીપ ભટ્ટાચાર્યજી આજે પણ ઈન્ડિયન નેવીમાં કાર્યરત છે. થોડા સમય માટે શુભોદીપનું પોસ્ટિંગ રશિયામાં હતું ત્યારે સાધનાએ તેમની લશ્કરી ફરજ અને કૌટુંબિક જવાબદારીનું સંતુલન જાળવવાનો કપરો પડકાર સુપેરે પાર પાડ્યો હતો.

**લશ્કરી લગ્ન અંગેના લશ્કરી નિયમોઃ** છેવટે લશ્કરી લગ્ન અંગેના મુખ્ય 4 લશ્કરી નિયમોની વાત કરીએ તો આંતરધર્મીય લગ્ન અંગે આપણું લશ્કર એક જ બાબતનો આગ્રહ રાખે છે કે આવા લગ્ન દેશના કાયદાની ખાસ કરીને લગ્ન અંગેની જોગવાઈઓ તેમજ જે-તે ધર્મના ધાર્મિક અને સામાજિક રીતરિવાજોની મર્યાદામાં રહીને થાય, જેથી લાંબાગાળે કોઈ અધિકારી કે ખુદ લશ્કર એક સંગઠન કે સંસ્થા તરીકે બિનજરૂરી વિવાદમાં ન અટવાય. વિદેશી નાગરિકો સાથે લગ્ન કરવા માટે ભારતીય લશ્કરની આગોતરી પરવાનગી લેવી અનિવાર્ય છે જેથી હની ટ્રેપની સમસ્યા ન સર્જાય. લશ્કરી અધિકારીઓના લગ્ન કે મૈત્રી તેમનાથી નીચલી પાયરીના અધિકારી સાથે ન થાય. મૈત્રી અને લગ્ન સમકક્ષ અધિકારી સાથે જ થાય, જેથી લશ્કરી શિસ્ત અને સજ્જતા જળવાઈ રહે.




# તમિલ સ્ટાર ધનુષની ફિલ્મ ‘તેરે ઈશ્ક મેં’ હિન્દી દર્શકો માટે જ હતી?

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

સમીક્ષકોના મિશ્ર પ્રતિભાવ છતાં ફિલ્મ ‘તેરે ઈશ્ક મેં’ને બોક્સ ઓફિસ પર પહેલા દિવસે હિન્દી ભાષામાં રૂ.15 કરોડ સાથે સારો આવકાર મળ્યો હતો. પરંતુ ધનુષ તમિલ સ્ટાર હોવા છતાં ત્યાં રૂ.1 કરોડનું જ ઓપનિંગ મળ્યું એ અનેક બાબત કહી જાય છે. ફિલ્મને તમિલનાડુમાં ખૂબ જ ઓછી સંખ્યામાં સ્ક્રીન્સ મળી હતી. જ્યારે કોઈ સ્ટારની મૂળ ભાષામાં ડબ કરેલી ફિલ્મને પૂરતી સ્ક્રીન ન મળે ત્યારે કલેક્શન આપોઆપ ઘટી જાય છે. તમિલ વર્ઝન માત્ર ડબ કરવામાં આવ્યું છે. ડબ કરેલી ફિલ્મો તે જ ભાષામાં જ્યાં હીરો સ્ટાર હોય તેના મૂળ વર્ઝન જેટલો જાદુ ઊભો કરી શકતી નથી. તમિલ દર્શકો કદાચ ધનુષ પાસેથી તેમની ટિપિકલ એક્શન-મસાલા અથવા સંસ્કૃતિ આધારિત ફિલ્મની અપેક્ષા રાખતા હતા. ‘તેરે ઈશ્ક મેં’ ની વાર્તા ભલે તીવ્ર રોમાન્સની હોય પણ તે હિન્દી નિર્દેશક આનંદ એલ. રાયની ટ્રેડમાર્ક સ્ટાઈલમાં છે. જે તમિલ માર્કેટ માટે ઓછી આકર્ષક બની છે. ફિલ્મનું માર્કેટિંગ અને પ્રમોશન મુખ્યત્વે હિન્દી બેલ્ટ માટે કરવામાં આવ્યું હતું. નિર્માતાઓને ખબર હતી કે આ તેમની પ્રાથમિક આવકનું બજાર છે. મુખ્ય હિન્દી અભિનેત્રી કૃતિ સેનન રાખી છે. ઉપરાંત વાર્તાનું કેન્દ્ર ઉત્તર ભારતમાં છે. તેથી હિન્દી દર્શકો તરત જ જોડાણ કરી શકે છે.

‘સૈયારા’ની સફળતા પછી ધડક 2, પરમ સુંદરી, સની સંસ્કારી કી તુલસી કુમારી અને ‘એક દીવાને કી દીવાનિયત’ ઉપરાંત ‘તેરે ઈશ્ક મેં’ સાથે ‘ગુસ્તાખ ઈશ્ક’ જેવી પ્રેમ કથાઓની લાઈન લાગી ગઈ છે. આનંદ તીવ્ર પ્રેમકથાઓ કહેવામાં કાબેલ રહ્યા છે. પહેલા ભાગમાં નિર્દેશક જકડી રાખે છે. બીજો ભાગ થોડો નિરાશ કરે છે. વાર્તા તૂટી પડવા લાગે છે અને જ્યારે તે પરાકાષ્ઠા પર પહોંચે છે ત્યારે વધુ ફિલ્મી બની જાય છે. આનંદ ધનુષની ક્ષમતાને ‘રાંઝણા’થી સારી રીતે જાણે છે. તેમણે ધનુષ પાસેથી એવું પર્ફોમન્સ કઢાવ્યું છે જે ભારતીય સિનેમામાં ભાગ્યે જ જોવા મળે છે. ધનુષનો અભિનય ગમતો હોય તો તેના અદભૂત અને જટિલ પર્ફોમન્સ માટે આ ફિલ્મ જોવી જોઈએ. ધનુષ એક એવો કલાકાર છે જે શંકરના પાત્રના દરેક શેડને સંપૂર્ણપણે જીવી જાણે છે. ધનુષની આંખો અને તેની બોડી લેંગ્વેજ પાત્ર પ્રત્યે સહાનુભૂતિ ઊભી કરાવે છે. સાથે જ તેના ખરાબ નિર્ણયો પર ઘૃણા પણ ઉત્પન્ન કરે છે. આ મુશ્કેલ કામ ધનુષે અસરકારક રીતે કર્યું છે.

ધનુષના પાત્રની વાત કરીએ તો શરૂઆતમાં ‘રાંઝણા’ના કુંદનને બીજા જીવનમાં જોઈ રહ્યા હોય એવું લાગે છે. પછી તે ‘ફાઈટર’નો ઋતિક રોશન બને છે. તે ‘12વી ફેઈલ’નો વિક્રાંત મેસી બને છે. એટલું જ નહીં ‘કબીર સિંહ’નો ઝેરી હીરો અને ‘એનિમલ’નો આલ્ફા મેલ પણ ‘શંકર’માં જોવા મળશે. બધાં પાત્રોની ખીચડી જેવું શંકરનું પાત્ર વાસ્તવિક લાગતું નથી. કાયદાનો અભ્યાસ કરવાથી લઈને UPSC પરીક્ષા આપવાની વાત અને વળી વાયુસેનામાં તેજસ ઉડાવવા સુધી શંકરની સફર પણ અસહ્ય છે. કૃતિ સેનન બીજાને સલાહ આપે છે પણ પોતાની જાતને નિયંત્રિત કરી શકતી નથી. એને સિનેમેટિક સ્વતંત્રતા તરીકે ઓળખવામાં આવે તો પણ થોડી વધારે જ છે! અલબત્ત ફિલ્મનું સૌથી મોટું જમા પાસું ધનુષ અને કૃતિનો અભિનય જ છે.

> **આનંદ ધનુષની ક્ષમતાને ‘રાંઝણા’થી સારી રીતે જાણે છે. તેમણે ધનુષ પાસેથી એવું પર્ફોમન્સ કઢાવ્યું છે જે ભારતીય સિનેમામાં ભાગ્યે જ જોવા મળે છે. ધનુષ એક એવો કલાકાર છે જે શંકરના પાત્રના દરેક શેડને સંપૂર્ણપણે જીવી જાણે છે**

ધનુષને જોઈને ક્યારેય લાગતું નથી કે તે અભિનય કરી રહ્યો છે. પડદા પર આવે ત્યારે વિશ્વાસ થાય કે, ‘હા, આ જ છે એવો છોકરો જે પ્રેમમાં પાગલ થઈને કંઈ પણ કરી શકે છે’ ધનુષ એટલો ઈમોશનલ ટચ આપે છે કે તમને ખબર પણ ન પડે કે ક્યારે તમે તેના પાત્રને ધિક્કારવાના બદલે સમજવા લાગો છો. પાત્રના ખરાબ પાસાઓ હોવા છતાં દર્શકને તેના પ્રત્યે લગાવ પેદા થાય છે એ એના અભિનયની સફળતા છે. શંકરના પાત્રમાં ધનુષનો અભિનય માત્ર ‘અભિનય’ નથી પણ એક સાયકોલોજિકલ ડ્રામા છે. જે બાંધી રાખે છે. ધનુષ સામે પોતાની જગ્યા બનાવવી મુશ્કેલ છે પણ કૃતિએ તે સહેલાઈથી કર્યું છે. જ્યારે ધનુષનું પાત્ર ટોક્સિક બને છે ત્યારે કૃતિની ઉદાસી અને આઘાત પાત્ર સાથે જોડી રાખે છે. ધનુષ જ્યાં આગ છે ત્યાં કૃતિ પાણી છે. સંજય મિશ્રા સામાન્ય રીતે હળવાશ અને કોમિક ટાઈમિંગ માટે જાણીતા છે. આ ફિલ્મમાં તેમનો રોલ ભાવનાત્મક અને જટિલ છે. તેમની આંખોમાં પુત્રની નિષ્ફળતા અને ભવિષ્યની ચિંતા સ્પષ્ટ દેખાય છે. એ.આર. રહેમાનનું સંગીત બે ગીતો પૂરતું સારું લાગે છે. પણ બેકગ્રાઉન્ડ સ્કોર લાગણીઓને વધુ ઊંડાણ આપે છે. પોણા ત્રણ કલાકની લંબાઈને કારણે ખાસ કરીને છેલ્લા ભાગમાં ફિલ્મ ખેંચાયેલી અને લાંબી લાગે છે. ફિલ્મમાં લાગણીઓનો પ્રવાહ એટલો બધો છે કે કેટલાક લોકો માટે તે ઈમોશનલી થકવી નાખનારી બની શકે છે. અંત દર્શકોને ગૂંચવણમાં મૂકે છે અને ઘણાને સંતોષકારક લાગતો નથી કારણ કે તે પ્રેમકથાને અપેક્ષા મુજબનો અંત આપતો નથી. કૃતિ સેનને પોતે સ્વીકાર્યું હતું કે ક્લાઈમેક્સ તેને ખૂબ વ્યથિત કરનારો હતો.

### ઓટોગ્રાફ !

ખબર છે કે સલમાને નવી ફિલ્મના શૂટિંગ માટે હેર સ્ટાઈલ બદલી છે. (સલમાન માટે અભિનય, ડાયલોગ ડિલિવરી કે સ્ટોરી ડેવલપમેન્ટ તો ઠીક છે... પણ હેર સ્ટાઈલ બદલવી એ જ અસલી ‘ટ્રાન્સફોર્મેશન’ છે નહીં?)

# સુખનો સાચો રસ્તો કયો?

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ



ઉપરનો પ્રશ્ન સમાજમાં હંમેશાં ચર્ચાયા કરે છે અને તેમાં “પોઝિટિવ એનર્જી” અને “નેગેટિવ એનર્જી” આ બે શબ્દો વારંવાર સાંભળવા મળે છે. અમારી મિત્ર મંડળીમાં વાસ્તુશાસ્ત્રની ચર્ચા નીકળી ત્યારે અરવિંદભાઈએ બચુભાઈને પ્રશ્ન કર્યોઃ ‘પોઝિટિવ એનર્જી’ અને ‘નેગેટિવ એનર્જી’નો અર્થ શો થાય? બચુભાઈ પહેલા તો જરા મલક્યા. પછી જરા વિચારીને બોલ્યાઃ ‘જાજરૂનું ટબ દક્ષિણ દિશામાં હોય તો જુલાબ આસાનીથી થઈ શકે એમ માનવું તે નેગેટિવ એનર્જી કહેવાય, પણ આહારમાં ફળ, દૂધ, લીલા શાકભાજી વધારે લેવાથી કબજિયાત ન થાય એમ માનવું તે પોઝિટિવ એનર્જી ગણાય!”

એમણે આગળ ઉમેર્યું : “સાચી વાત એ છે કે કબજિયાત મટાડવા માટે નબળા આંતરડાનો ઔષધીય ઉપાય કરવાને બદલે સંડાસના ટબની દિશા બદલવી તે એવી નાદાની છે, માનો હૃદય રોગ આવતો અટકાવવા માટે પલંગ નીચે કાર્ડિયોગ્રામનું મશીન રાખીને સુવું!’ બચુભાઈની રમૂજને બાદ કરીને જરા ગંભીરપણે વિચારીશું તો સમજાશે કે પોઝિટિવ - નેગેટિવ જેવું ખરેખર કંઈ હોય તો તે બહાર નથી હોતું, માણસની અંદર હોય છે. કરવો જ હોય તો એનો એવો અર્થ કરી શકાય કે પોઝિટિવ એનર્જી એટલે સદબુદ્ધિ અને નેગેટિવ એનર્જી એટલે દુર્બુદ્ધિ! પણ એ લાંબી ચર્ચા છોડો અને એ સત્ય સ્વીકારી લો કે વાસ્તુશાસ્ત્ર કરતાં વસ્તુશાસ્ત્રમાં માનવીનું વિશેષ કલ્યાણ છૂપાયેલું છે. વાસ્તુશાસ્ત્ર એટલે ભૌત્તિક સુખો. અર્થાત્ માણસને રહેવા માટે ઘર મળે તે જરૂરી છે. પછી તે પૂર્વ તરફ રસોડું રાખે કે પશ્ચિમ તરફ. કોઈ ફરક પડતો નથી. ઘરમાં મંદિર ગોઠવો પણ દિલમાં રામ ન વસે ત્યાં સુધી બધું નિરર્થક છે. તિજોરી ગમે તે દિશામાં રાખી હોય પણ પૈસા કમાવાનો પુરુષાર્થ સાચી દિશામાં નહીં થાય ત્યાં સુધી લક્ષ્મીદેવીને તમારી તિજોરીનો રસ્તો નહીં મળે!

દોસ્તો, ઘર બાંધતીવેળા વાસ્તુશાસ્ત્ર કરતાં ય વિજ્ઞાનશાસ્ત્રનો ખ્યાલ રાખવો વધુ હિતાવહ છે. જેમકે પ્રકાશ, ગરમી, પવન, તડકો, વરસાદ વગેરેથી ઘરને સુરક્ષિત રાખી શકાય તે રીતે ઘરના બારી-બારણાં, ફર્નિચર, પડદા, વગેરે ગોઠવવામાં આવે તે જરૂરી છે; પરંતુ તમે મ્યુઝિક વિન્ડ અગાસીને બદલે માળિયામાં લગાડશો તો તે વાગી નહીં શકે. કેમ કે મ્યુઝિક વિન્ડ માટે પવન અને પ્રગતિ માટે પરિશ્રમ જરૂરી છે.

નક્કર સત્ય એ છે કે માથુ પૂર્વમાં રાખીને સૂઓ કે પશ્ચિમમાં પણ માથામાં “ભંડોળ” હોય તો જ સુખી થવાય છે. શયનખંડ ઈશાનમાં હોય કે ન હોય. પણ નોકરી-ધંધા વિનાનો માણસ આળસુ બની ઘરમાં પડી રહેતો હોય તો પત્નીના દિલમાં બારે માસ અગ્નિ સળગતો રહેશે. સૂવાની દિશા બદલવાથી નહીં પણ વિચારોની દિશા બદલવાથી અવદશા બદલી શકાય છે. તમે ઉત્તરમાં કે દક્ષિણમાં પગ રાખીને બરાબર સૂતા હો પણ એ પગ સવારે નોકરી-ધંધાની દિશામાં જવાને બદલે દારૂ જુગારના અડ્ડા પર જતા હોય તો વાસ્તુશાસ્ત્ર તમને બચાવી શકશે નહી. સંતાનો સારા માર્કે પાસ થઈ જાય તે માટે તેમનો રીડીંગ રૂમ કે દફ્તર અમૂક ખૂણામાં હોવા જોઈએ એમ વાસ્તુશાસ્ત્ર કહે છે. પણ દફ્તર યોગ્ય દિશામાં ગોઠવ્યા બાદ છોકરાંઓ હંમેશાં ટીવીવાળા રૂમમાં ગોઠવાતા હોય તો ફાયદો થઈ શકતો નથી. સ્ટોર રૂમ ગમે તે દિશામાં હશે તો ચાલશે પણ તેમાં તેલ, ઘી કે અનાજને બદલે ચરસ, ગાંજો, અફિણ વગેરે ભર્યા હશે તો તમારે ગમે ત્યારે પોલીસ કસ્ટડીના મહેમાન બનવું પડશે.

તાત્પર્ય એટલું જ કે ઈશાન - અગ્નિ - નૈઋત્ય કે વાયવ્યથી નહીં પણ બુદ્ધિ, પરિશ્રમ પ્લાનીંગ અને કૌશલ્યથી સુખી થઈ શકાય છે. છતાં હજીય વાસ્તુ શાસ્ત્રમાં વિશ્વાસ હોય તો એટલું કરજો કે વાસ્તુશાસ્ત્રના કોઈ પંડિતે પોતાનું ઘર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનાવ્યું હોય તો તેના જીવનની કિતાબ બારીકાઈથી તપાસશો તો જાણવા મળશે કે તેમના જીવનમાં પણ અગણિત દુઃખો આવ્યા હતા અને હજી પણ આવી રહ્યા છે. તેમને ત્યાં ચોવીસ કલાક સુખ શાંતિ જ રહી હોય એવું બન્યું નથી! તેમના છોકરાંઓ હંમેશાં ફર્સ્ટક્લાસમાં જ પાસ થતાં નથી! (બલકે ક્યારેક નાપાસ પણ થાય છે) વળી તેમને ત્યાં ડૉક્ટરના પણ ધૂમ ખર્ચા આવે છે. ઝઘડા પણ થાય જ છે! બોલો, વાસ્તુશાસ્ત્રના ગણિત મુજબ આ બાબતોને કેવી રીતે મૂલવશો?

બચુભાઈ કહે છેઃ ‘જે વાસ્તુશાસ્ત્રીને ત્યાં વાડી, ગાડી અને બંગલા હોય તો નક્કી માનજો કે વાસ્તુશાસ્ત્રના કારણે નહીં પણ વસ્તુશાસ્ત્રના પ્રતાપે જ તે શક્ય બન્યું છે. મતલબ વસ્તુશાસ્ત્રની વ્યવસ્થાને કારણે તેનો ભાગ્યોદય થયો છે. દોસ્તો, હજારો જણના રસોડા તૂટે ત્યારે એક જણનો બંગલો બંધાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મડદાના ગામમાં કફનનો વેપારી ભૂખે નથી મરતો. એક બીજું પણ સત્ય સવેળા સમજી લેવા જેવું છેઃ સુખ પૂર્વ-પશ્ચિમ, કે ઉત્તર-દક્ષિણમાં સૂવાથી નથી મળતું. સુખ-સમૃદ્ધિ ચારે દિશામાં પરિશ્રમ કરવાથી મળી શકે છે. સમાજમાં માણસની શાખ અને શાન ઠેકાણે હોય તો ઈશાન કશું બગાડી શકતો નથી; પરંતુ માણસ ગેરકાનૂની ધંધા કરતો હોય, દારૂ જુગારના અડ્ડા ચલાવતો હોય, આતંકવાદીઓ સાથે મળેલો હોય તો કોઈ દિશા તેની અવદશા અટકાવી શકતી નથી. માણસની જબાન કડવી હોય, વર્તણૂક ખરાબ હોય, બુદ્ધિનો શૂન્યાવકાશ હોય, એ સિવાય મહેનત કરવાની વૃત્તિ ના હોય, તો એવા સત્યવાનોને કોઈ સાવિત્રી બચાવી શકતી નથી. શોધવા નીકળશો તો વાસ્તુશાસ્ત્ર વિના પણ સુખી થયેલા લોકો મોટી સંખ્યામાં મળી આવશે. તેમના જીવન પર દૃષ્ટિપાત કરીશું તો સમજાશે કે અમૂક તમૂક દિશામાં સૂવા બેસવાથી નહીં પણ સઘળી દિશામાં પરિશ્રમ કરવાથી તેઓ સુખી થઈ શક્યા છે. અઝીમ પ્રેમજી, ધીરુભાઈ અંબાણી, મુકેશ અંબાણી, બિલ ગેટ્સ વગેરે એના ઉદાહરણો છે. સુખી થવા માટે એ સૌ સુખના સાચા રસ્તે ચાલ્યા હતા.

> **સુખ પૂર્વ-પશ્ચિમ, કે ઉત્તર-દક્ષિણમાં સૂવાથી નથી મળતું. સુખ-સમૃદ્ધિ ચારે દિશામાં પરિશ્રમ કરવાથી મળી શકે છે. સમાજમાં માણસની શાખ અને શાન ઠેકાણે હોય તો ઈશાન કશું બગાડી શકતો નથી**

### ધૂપછાંવ

(તમે ભલે ભારતમાં) રહો પણ પશ્ચિમી દેશોની જેમ કઠોર પરિશ્રમ કરશો તો વાસ્તુશાસ્ત્ર વિના પણ સમૃદ્ધિની દેવી તમારા ઘરમાં પ્રવેશી શકશે. આજે અનેક વિટંબણાઓથી ભરેલા જીવનમાં પાર વિનાના પ્રશ્નો છે. તે સર્વનો ઉકેલ ઘરનું ફર્નિચર, તિજોરી કે મંદિર અમૂક તમૂક ખૂણામાં ગોઠવી દેવાથી આવી જતો નથી. સંસારની સમસ્યાઓનો ઉકેલ લાવવાની તમારામાં કેટલી સમજ છે તેના પર રહેલો છે.